# ડીસા નગરપાલિકાની સાધારણ સભામાં નવા વિકાસકામો હાથ ધરવાના નિર્ણયો

## નવી પાલિકા કચેરી, ટાઉનહોલ અને ફાયર ફાયટર સ્ટેશન બાંધવા સરકાર પાસે જમીનની માંગણી કરાઈ

ડીસા, તા. ૮

બનાસકાંઠાની ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના નવા વરાયેલા પ્રમુખ શિલ્પાબેન માળીના અધ્યક્ષસ્થાને તેમજ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, પાલિકાના ઉપપ્રમુખ કાન્તિલાલ સોની તેમજ મુખ્ય અધિકારી સહિત પાલિકા સદસ્યોની ઉપસ્થિતિમાં ગતરોજ પાલિકાનું ત્રિમાસિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં શહેરમાં વિકાસના કાર્યોને વેગ આપવાનો એજન્ડા રજુ કરાતાં સભામાં હાજર તમામ સભ્યોએ જરૂરી સુધારા વધારા સૂચવ્યા બાદ સમર્થન આપી આ એજન્ડા પર મંજુરીની મહોર લગાવી હતી.





ડીસા નગરમાં આગામી સમયમાં વિકાસના કાર્યો માટે આયોજન નક્કી કરવા માટે ગતરોજ પાલિકાની ખાસ સાધારણ સા બોલાવાઈ હતી. આ સભામાં અગાઉના કાર્યોને બહાલી આપ્યા બાદ આગામી સમયમાં હાથ ધરાનાર નવા વિકાસ કાર્યો અંગે ચર્ચા કરાઈ હતી. ડીસા નગરપાલિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ શિલ્પાબેન માળીની અધ્યક્ષતામાં મળેલી આ સાધારણ સભામાં શહેરના વિકાસના કાર્યોને વેગ મળતી રહે તે માટે પાલિકા દ્વારા વિકાસના કાર્યો અને નગરજનોની સુવિધાઓ અંગે ચર્ચા કરાઈ હતી. ડીસા નગરપાલિકા દ્વારા આગામી સમયમાં પાલિકાની નવીન કચેરીના નિર્માણ ઉપરાંત નગરજનો માટે ટાઉનહોલ અને ફાયટર સ્ટેશન બાંધવા માટે જમીન ફાળવવા સરકાર પાસે માંગણી કરતો ઠરાવ કરી સોલાર પ્લાન્ટ જેવા મહત્વના વિકાસ કાર્યો હાથ ધરવાની જાહેરાત કરાઈ હતી.

ગતરોજ મળેલી પાલિકાની સાધારણ સભામાં વિપુલભાઈ શાહ, કૈલાસબેન શાહ સહિત શાસક અને વિપક્ષના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં ઉપસ્થિત ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યાએ નવીન પ્રમુખ શિલ્પાબેન માળીની સૂઝબુઝને બિરદાવી શહેરના વિકાસ માટેની તેમની ઝંખના બદલ અભિનંદન પાઠવ્યા હતા. આગામી સમયમાં શિલ્પાબેન માળીના નેતૃત્વમાં ડીસા શહેર વિકાસની હરણફાળ ભરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી ધારાસભ્યએ પાલિકા પ્રમુખ દ્વારા લેવાયેલા નિર્ણયોમાં નગરપાલીકા દ્વારા બનાવવામાં આવેલા બગીચામાં એક દિવસ માટે માત્ર મહિલાઓ અને બાળકોને પ્રવેશ આપવાની પણ જાહેરાત કરી હતી.

## ઉમરગામમાં ૮ કલાકમાં ૬ ઈંચ વરસાદ, ટીંભી ગામનું તળાવ ઓવરફ્લો

સુરત,તા.૮

વલસાડ જિલ્લામાં ભારે વરસાદના પગલે ઠેર-ઠેર પાણી ફરી વળ્યા છે. છેલ્લા આઠ કલાકમાં ઉમરગામમાં ૬ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ટીંભી ગામનું તળાવ ઓવરફ્લો થઈ ગયું છે. જેથી તળાવમા પાણી ગામમાં અને રોડ પર ફરી વળ્યા છે. અને ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા છે.

દક્ષિણ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અને માછીમારોને દરિયામાં ન જવા સૂચના આપી દેવામાં આવી છે.

# ઊંઝા તાલુકા પંચાયતમાં સમિતિઓની રચનામાં કોંગ્રેસનો જુથવાદ સપાટી પર

ઊંઝા, તા. ૮

કોંગ્રેસ હસ્તકની ઊંઝા તાલુકા પંચાયતમાં બીજી ટર્મ માટે હોદ્દેદારોની નિયુક્તિ થયા બાદ મહત્વની સમિતિઓને લઈને કોંગ્રેસના જ કેટલાક સભ્યોએ અપક્ષ અને ભાજપ સાથે મળીને સ્થાન જમાવતા કોંગીનો આંતરિક જૂથવાદ બહાર આવ્યો છે.

ગત ચૂંટણીમાં ઊંઝા તાલુકા પંચાયતમાં કોંગ્રેસને બહુમતિ મળતાં સત્તા હાંસલ કરી હતી. તા.પં.માં પ્રથમવાર મહિલા પ્રમુખ સત્તાસ્થાને રહ્યા બાદ બીજી ટર્મ માટે ગત જૂનમાં પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણીમાં અંદર ખાનગી નારાજગી છતાં સમુ સુતરૂ પાર પડ્યુ હતુ. પરંતુ તાલુકા પંચાયતની કારોબારી સમિતિ અને ન્યાય સમિતિની રચનામાં જૂથવાદે દેખા દેતાં તાલુકા પંચાયતના પૂર્વ મહિલા પ્રમુખ સહિત કોંગ્રેસના પાંચ તાલુકા સદસ્યોએ અપક્ષ અને ભાજપ સાથે સહમતિથી સમિતિઓ આંચકી લેતાં કોંગીનો આંતરિક કલહ અને જૂથવાદ સપાટી પર આવ્યો છે. દરમિયાન બળવાખોરો સામે કોંગી મોવડી મંડળે કોઈ પગલાં ભર્યાનું જાણમાં આવ્યું નથી.

લોકજીભે ચર્ચાતી વાતો મુજબ કોંગ્રેસના બળવાખોરોએ સત્તા મેળવવાની લ્હાયમાં તેમજ પોતાના જૂથના સદસ્યોને સમિતિઓમાં સ્થાન મળે તે માટે આ ખેલ કર્યો છે. કહે છે કે, કેટલાક ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓએ નૈતિક મૂલ્યો નેવે મુક્યા છે. અને આવા પ્રતિનિધિઓને પક્ષીય વફાદારીની પણ કઈ પડી નથી. તેઓએ કેવળ સત્તા, હોદ્દા મેળવવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યુ હોવાનું ચર્ચાય છે. હવે કોંગ્રેસનો આ અસંતોષ આગળ ક્યાં જઈને અટકશે તે જોવાનું રહ્યું.

# મોડાસાના વાંટડા (કાબોલા) ગામના તબેલામાં કરંટ ઉતરતા દંપતીનું વીજકરંટથી મોત

મોડાસા, તા. ૮

મોડાસા તાલુકાના વાંટડા (કાબોલા) ગામે રવિવારે સવારે તબેલામાં રાખેલી ગાયોનું દૂધ કાઢવા જતા તબેલાના શેડને બાંધેલ તારમાં વીજકરંટ ઉતારતા દંપતીને વીજ કરંટ લાગતા બંનેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. મૃત દંપતીના નાના ત્રણ બાળકો નોધારા બનતા આભ તૂટી પડતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. દંપતીના મૃતદેહને મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડી મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના વાંટડા (કાબોલા) ગામે રવિવારે સવારે એક યુવાન દંપતીને વીજકરંટનો કાળ ભરખી જતા ત્રણ બાળકો અનાથ બન્યા હતા. વાંટડા નજીક પશુપાલન માટે બનાવેલ તબેલામાં રહેલી ગાયોનું દૂધ કાઢવા અને ઘાસચારો પાણી માટે સવારે ૫.૩૦ વાગે જતા



(કાબોલા) ગામના વિહતભાઈ ગમાજી પુજારા (ઉં.વર્ષ.૩૫) તેમની પત્ની હેમલત્તાબેન વિહત પુજારા (ઉં.વર્ષ.૩૨) સાથે ઘર તબેલાના શેડ સાથે બાંધેલ તારમાં વીજકરંટ ઉતારતા વીજકરંટથી અજાણ દંપતી તબેલાને અડકતા વીજકરંટ લાગતા બંનેના શરીરમાં વીજકરંટ ઉતારતા બંને જમીન પર પછડાઈ તબેલામાં જ કમકમાટી ભર્યું મોત નિપજતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. બંનેને મૃત હાલતમાં નિહાળતા ભારે ચકચાર મચી હતી. સમગ્ર ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને કરાતા ઘટનાસ્થળે પહોંચી બંને મૃતક પતિ-પત્નીના મૃતદેહને પીએમ માટે મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં ખસેડાતા દંપતીના પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે મુકેશભાઈ પરબતભાઈ પુજારા (રહે.વાંટડા)ની જાણવાજોગ ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મિત્રના જન્મદિવસની ઉજવણી કરી પરત ફરતા યુવાનને અકસ્માત નડતાં મોતને ભેટ્યો

રાજુલામાં મહેતા પ્રિન્ટિંગ પ્રેસવાળા ભરતભાઈ બાલાશંકરભાઈ મહેતાના એકના એક યુવાન પુત્ર જતીન મહેતા(ઉ.વ.૨૬)નું એક ગંભીર અકસ્માતમાં મોત નિપજ્યું હતું. ગંભીર અકસ્માતની આ ઘટના શનિવારની રાત્રે બની હતી. પુત્ર જતીન મહેતા પોતાના મિત્રનો જન્મદિવસ ઉજવીને સાંજના સમયે રાત્રે બાઈક પર ઉનાથી પરત ફરી રહ્યો હતો. તે વેળાએ બાઈક થાંભલા સાથે અથડાતા જતીનને માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

# મેઘરજના મોટી મોચડી પાસે બાઈક અને પીકઅપ ડાલુ અથડાતાં મહિલાનું મોત

મેઘરજ, તા. ૮

શનિવારે બપોરે મેઘરજ તાલુકાના મોટીમોયડીથી



આઢોડીયા તરફ જતા રસ્તા પરના (કાંડાઈ) ડીપ ઉપર બાઈકચાલક કટારા ગોપાલ રમેશ અને ગંગાબેન સુફરાભાઈ કટારા બંને બાઈક ઉપર મોટીમોયડી તરફથી લીંભોઈ તરફ તેમના ઘરે જઈ રહ્યાં હતાં તેવામાં મેઘરજ તરફથી એક અજાણ્યુ પીકઅપ ડાલુ આવી રહ્યુ હતુ ત્યારે પીકઅપ ડાલાના ચાલકે મોટીમોયડીના (કાંડાઈ) ડીપ ઉપર બાઈકચાલક ગોપાલ કટારાને બાઈકને ટક્કર મારી ભાગી છુટ્યો હતો. જેમાં બાઈકચાલક ગોપાલ કટારા અને તેની બાઈક પાછળ બેસેલ ગંગાબેન સુફરાભાઈ કટારા બંન્ને રહે. લીંભોઈ બાઈક સાથે નીચે પટકાતા બંન્નેને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા મોડાસાની ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ જવાયાં હતા. જ્યાં ગંગાબેન કટારા ઉ. વર્ષ.૬૦નુ સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ. જ્યારે ગોપાલ કટારાને ગંભીર ઈજાઓ થઈ હોવાથી મોડાસાની એક ખાનગી હોસ્પીટલમાં સારવાર હેઠળ છે.

## કેશોદ હત્યા કેસમાં ભાજપના નપા ઉપપ્રમુખ વિરા સિંધલની ધરપકડ

કેશોદ,તા.૮

કેશોદના હત્યા કેસમાં પાલિકાના ભાજપ ઉપપ્રમુખની સંડોવણી સામે આવી છે. અને તેમની ધરપકડ કરીને રાજકોટથી કેશોદ લાવવામાં આવ્યા છે. કેશોદમાં ભીખાભાઈ હરિયાણીની હત્યા થઈ હતી. જે મામલે નગર પાલિકાના ઉપપ્રમુખ વિરા સિંધલની કાવતરુ રચવાના ગુનામાં આરઆરસેલએ ધરપકડ કરી હતી.

## કાકરાપાર ડેમમાંથી પાણી છોડાતા કૉઝ-વે ભયજકન સપાટી પર

સુરત,તા.૮

કાકરાપાર ડેમમાંથી પાણી છોડવામાં આવતા સુરતમાં રાંદેર અને કતારગામને જોડતા કોઝ-વેની સપાટી વધી છે. જેથી હાલ વાહન ચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. કોઝ-વેની સપાટી ૬.૦૮ મીટર છે. જ્યારે તેની ભયજનક સપાટી ૬ મીટર છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના પગલે કાકરાપાર ડેમમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ છે. જેને લઈને કાકરાપાર ડેમમાંથી ૧૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને પગલે તાપી નદીની સપાટીમાં વધારો થયો છે. અને રાંદેર-કતારગામને જોડતા કોઝ-વેની સપાટી ૬.૦૮ મીટર સુધી પહોંચી ગઈ છે. કોઝ-વેની ભયજનક સપાટી ૬ મીટરને પાર કરી જતા કોઝ-વેની બંધ કરી દેવામાં આવ્યો છે.



**શામળાજીના અણસોલ નજીક ઈકો કાર ગોથું ખાતા એક મુસાફરનું મોત**

શામળાજીના અણસોલ ગામ નજીક રતનપુર તરફથી આવતી ઈકો કારના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી પલટી ખવડાવતા કારમાં બેઠેલા મહેશભાઈ રમણભાઈ રાવલ (રહે. મહેમદાવાદ)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઈકો કારમાં સવાર અન્ય ઈજાગ્રત લોકોને ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે શામળાજી દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી ગયેલી શામળાજી પોલીસે ઈકો કાર ચાલાક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**મોડાસાના સબલપુર રૂરલ પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

મોડાસાના રૂરલ પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મોડાસા રૂરલ પી.એસ.આઈ. પી. આર. જાડેજા અને પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહી પર્યાવરણનું જતન અને તેના માટે વૃક્ષોના ઉછેરનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## છોટાઉદેપુર જિલ્લામાં જીવાતનો આંતક, બાળકોના કાનમાં ઘુસી જવાનો ભય

નસવાડી,તા.૮

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કેટલાક ગામના લોકો કાતરા નામની જીવાતથી પરેશાન થઈ રહ્યાં છે. આ જીવાત લોકોના ઘરોમાં આવી ગઈ છે. તેમજ ખેડૂતોના પાકને પણ નુકશાન પહોચાડી રહી છે. તંત્રને જાણ થતાં અધિકારીઓ આ જીવાતથી કેવી રીતે રક્ષણ મેળવવું તેની સમજ આપવા પહોચી ગયા છે.

હજુ તો વરસાદ શરૂ થયો છે અને ચોમાસાના સમયમાં આ કાતરા નામની જીવાત ઉદભવે છે. ત્યારે નસવાડી તાલુકાના ડુંગર વિસ્તાના ધેસવાડી, કુકરદા, પિસાયતા, રણબોર સાકળ જેવા અનેક ગામોમાં જીવાતએ આંતક મચાવ્યો છે. જેથી લોકો પોતાના ઘરમાં રહી શકતા નથી. તથા બાળકોના કાનમાં જીવાત ઘુસી ના જાય તેના માટે બાળકોની તકેદારી રાખી રહ્યાં છે. ઘર માં મહિલાઓ ભોજન પણ બનવી શકતી નથી. ઘરની દીવાલ, દરવાજા અને છત પર પણ આ ઈયળો ચડી જાય છે.કાતરા ઈયળ તરીકે ઓળખાતી આ જીવાત હવે રહેણાંક મકાનોથી લઈ ખેતરમા આતંક મચાવી રહી છે. ગામના સરપંચે આ બાબતે ને લઈ તંત્રને જાણ કરી ત્યારે વિસ્તરણ અધિકારી ગામની મુલાકાતે આવી પહોચ્યાં છે અને લોકોને તેનાથી બચવાની સમજણ આપી રહ્યા છે. પણ તેના ઉપાય કે નાશની કોઈ દવા આપવામાં આવી નથી.



અરવલ્લી-સાબરકાંઠા જનજાગૃતિ સેવા સંસ્થા અને સાબરકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ઉપક્રમે એક ચિંતન શિબિર, ધારેશ્વર મહાદેવ સંકુલ ખેડાવાડા ખાતે યોજાઈ હતી. જેમાં ૨૨૫ શિક્ષક મિત્રો તથા પ્રબુદ્ધ નાગરિકોએ ભાગ લીધો. વકતા તરીકે જાણીતા શિક્ષણવિદ મનસુખ સલ્લા, દિનેશ પ્રજાપતિ, સંજય તુલા, પ્રાચી શાહ વિગેરે દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના પૂર્વ સાંસદ ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# બટાટાના સબસિડીના રૂપિયા ચાઉં થઈ ગયા હોવાનો ખેડૂતોનો આક્ષેપ

બનાસકાંઠા,તા.૮

ફરી એક વખત બટાકાના ખેડૂતોને બદનસીબીનો સામનો કરવો પડ્યો છે. પહેલા અપૂરતા ભાવોના કારણે હાલત કફોડી બની હતી. તો હવે ખેડૂતોના કહેવા મુજબ તેમના સબસીડીના રૂપિયા ચાઉં થઈ ગયા છે. બટાકા માટે ઓળખાતું બનાસકાંઠા કદાચ હવે બટાકાના કારણે જ બરબાદ થયેલા ખેડૂતોના કારણે પણ ઓળખાયતો નવાઈની વાત નથી.

બટાકાના તૂટેલા ભાવોથી તૂટી ગયેલા ખેડૂતો માટે સરકારે સબસીડી તો જાહેર કરી. પરંતુ ખેડૂતોનો આક્ષેપ છે કે કોલ્ડ સ્ટોરેજના માલિકો અને બાગાયત વિભાગના કેટલાક અધિકારીઓએ સાચા ખેડૂતોને મળનારી સબસીડી નકલી ખેડૂતોના ખાતામાં જમા કરાવીને સબસીડીના રૂપિયા બારોબાર ચાઉં કર્યા છે. આ માટે ખેડૂતો દાવો પણ કરી રહ્યા છે કે તેમની પાસે આ વાતને લઈને પુરતા પુરાવા પણ છે. જેથી ખેડૂતોએ સબસીડીના કૌભાંડની એસીબી તપાસની માંગ કરી છે. તો આ સમગ્ર મામલે બાગાયત વિભાગના અધિકારી કહે છે કે જે ખેડૂતોની સબસીડી બાકી રહી ગઈ છે તેમના ડોક્યૂમેન્ટ અધૂરા છે જે પૂરતા મળી જશે એટલે તેમના ખાતામાં સબસીડીની રકમ જમા થઈ જશે.

આ સમગ્ર મામલામાં વાત એવી છે કે ખેડૂતોએ બટાકા કોલ્ડ સ્ટોરેજમાં રાખ્યા હતા સરકારે સબસીડી જાહેર કરી જેથી ખેડૂતોએ સબસીડીના રૂપિયા મેળવવા માટે જરૂરી ફોર્મ ભરીને કોલ્ડ સ્ટોરેજમાં જમા કરાવવાનું હતું. જે ખેડૂતોએ કહ્યા મુજબ જમા કરાવ્યુ હતું. જે બાદ કોલ્ડ સ્ટોરેજે બાગાયત વિભાગને આપવાનું હતું. પરંતુ ઘણા ખેડૂતોના ફોર્મ બાગાયત વિભાગ સુધી પહોંચ્યા નથી. અને જે ખેડૂતોના પહોંચ્યા છે તેમના ફોર્મ સાથે નકલી ખેડૂતોના આધાર લીંક કરીને સબસીડીના રૂપિયા બારોબાર ચાઉં થઈ ગયા હોવાના ખેડૂતોએ આક્ષેપ કર્યા છે. ત્યારે આ સમગ્ર મામલે જો ઉંડી તપાસ થાય તો કંઈકને કંઈક રંધાયુ હોવાની આશંકાને નકારી શકાય તેમ નથી.




**અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન**

મોડાસા શહેરમાં રવિવારે અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા ડૉ. કરસનદાસ સોનેરી (પૂર્વ શિક્ષણ અને આરોગ્ય મંત્રી)ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન હંસાબેન પરમાર (પ્રમુખ, અરવલ્લી જીલ્લા પંચાયત), મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શુભેન્દ્રસિંહ સીસોદીયા, જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રેવાભાઈ ભાંભી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અરવલ્લીના ચેરમેન ભરતભાઈ પરમાર અને મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. જેમાં જીલ્લાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી તારલાઓને મોમેન્ટો અને સન્માનપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જીલ્લા પ્રાથમિક ઉતકર્ષ મંડળના પ્રમુખ, મંત્રી સહીત સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# નદીમાં ન્હાવા પડેલા શ્રમજીવી યુવાન પર મગરે હુમલો કરતાં મોત

નર્મદા,તા.૮

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના પીંછીપરા ગામે અશ્વિની નદીમાં ન્હાવા પડેલા શ્રમજીવી યુવાન પર મગરે હુમલો કરી ફાડી નાખતા ચકચાર મચી ગઈ છે. આ મગરના હુમલાના બનાવને કારણે વિસ્તારના ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે.ચોમાસાની સીઝનમાં નદીઓ ખાડીઓમાં પાણીનો પ્રવાહ વધે છે. જેમાં મગર પણ તણાઈને દૂર સુધી પહોંચી જતા હોય છે. ત્યારે આવી સ્થિતિમાં નદીમાં ન્હાવા જવુ કેટલુ જોખમી બની જાય છે. તેનું ઉદાહરણ નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના જોવા મળ્યું છે.

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના પીંછીપરા ગામના બે શ્રમજીવીઓ પોતે મજુરી કામ કર્યા બાદ નજીકમાં વહેતી અશ્વિન નદીમાં ન્હાવા માટે ગયા હતા. આ દરમિયાન નદીમાં થોડે દૂર અંદર ગયેલા અર્જુન પરસોત્તમ તડવી ઉ.વ.૩૦ને મગરે પાણીમાં ખેંચી લેતા બુમાબુમ કરી મુકી હતી. ગામ લોકો દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધી ખૂંખાર મગરે યુવાનને ફાડી ખાધો હતો.ઘટનાની જાણ થતાં રાત્રીના સમયે પોલીસ પહોંચી હતી.

આ અંગે જાણ કરાતારાજપીપળા પૂર્વ વન વિભાગના એસીએફ નિલેશ પંડયા, આરએફઓ ગોરા રેન્જ અનિરૃદ્ધસિંહ ગોહિલ, ફોરેસ્ટર ઉમેશ તડવી, બીટગાર્ડ ગોહિલ, પોલીસ સ્ટાફ પીંછીપરા પહોંચી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, મગરના હુમલામાં નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાની બીજી ઘટના છે. અગાઉ આ ગામે મગરના હુમલામાં શ્રમજીવીનું મોત થયુ હતું. તેમજ ગનસીડા ગામે મગર હુમલામાં એક વ્યકિત ઘાયલ થયો હતો.